# દમણની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

**પાલિકાના** 15 પૈકી 12 વોર્ડમાં ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા બાદ 3 વોર્ડમાં યોજાયેલી ચૂંટણીમાં 2 વોર્ડમાં ભાજપ, 1 વોર્ડમાં અપક્ષ ઉમેદવાર ચૂંટાયો

**સરપંચ** સહિત જિલ્લા પંચાયતની 16માંથી 15 બેઠક પર પણ ભાજપનો વિજય



## જિલ્લા પંચાયત અને 1 ગ્રામ પંચાયતમાં ભાજપનો દબદબો

બીજી તરફ જિલ્લા પંચાયતની 16 બેઠક પૈકી 10 બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા બાદ 6 બેઠક માટે યોજાયેલી ચૂંટણીમાં મરવડ બેઠક પર અપક્ષ ઉમેદવાર ધર્મિષ્ઠાબેન પટેલ વિજયી થયા હતા. જ્યારે 5 બેઠક પર ભાજપના ઉમેદવાર ચૂંટાઈ આવ્યા હતા. જેમાં દુનેઠા બેઠક પરથી મીનાક્ષી શંકર પટેલ, ડાભેલ બેઠક પરથી તોરલ પટેલ, સોમનાથ બેઠક પરથી રીના પટેલ, મગરવાડા બેઠક પરથી શીતલ પટેલ અને દમણવાડા બેઠક પરથી મુકેશ ગોસાવીની જીત થઈ છે. સરપંચ સહિત 16 ગ્રામ પંચાયતમાંથી અગાઉ 9 બેઠક ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જેમાં 7 ઉમેદવારમાંથી 6 ભાજપ ઉમેદવારની જીત થઈ છે. જ્યારે 1 બેઠક પર અપક્ષ ઉમેદવારની જીત થઈ છે.

દમણ : સંઘપ્રદેશ દમણમાં 5 નવેમ્બરે પાલિકા, જિલ્લા પંચાયત, સરપંચ સહિત ગ્રામ પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ હતી. જેમાં નગર પાલિકાના કુલ 15 વોર્ડ પૈકી વોર્ડ નં. 1,2,3,4,5, 8,9,10,11, 13,14,15 પર ચુંટણી પહેલાં જ ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. જેના કારણે વોર્ડ નં. 6, 7 અને 12 માટે ચૂંટણી યોજાઈ હતી. આજે મોટી દમણના ટેક્નિકલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ ખાતે થયેલી મતગણતરીમાં વોર્ડ નં. 6 ના ભાજપના ઉમેદવાર અસ્પી દમણિયા 767 મતે અપક્ષના ઉમેદવારને માત આપી વિજયી થયા છે. જ્યારે વોર્ડ નં. 7 ના ભાજપના ઉમેદવાર કપિલાબેન સુરેશભાઈ ઓડનો 630 મતે વિજય થયો હતો. આ તરફ વોર્ડ નં. 12 ના અપક્ષના ઉમેદવાર જયંતિલાલ મિત્તલે ભાજપના ઉમેદવાર લક્ષ્મણ ટંડેલ (લખમ) ને માત આપી 977 મતે જીત હાંસલ કરી છે. જેના કારણે દમણ પાલિકાના 15 વોર્ડ પૈકી 14 વોર્ડમાં ભાજપનો ભગવો લહેરાતા સમર્થકો, પદાધિકારીઓ અને કાર્યકરોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી.

દમણમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપાનો દબદબો થતાં ભાજપાના પ્રદેશ પ્રભારી દુષ્યંત પટેલ, પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયા અને મહામંત્રી જીગ્નેશ પટેલની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદનું આયોજન કરી જણાવ્યું કે, આ વખતની ચૂંટણીમાં લોકોએ વિકાસના કામોને ધ્યાન પર લઈને ભાજપના ઉમેદવારોને જીત અપાવી છે.

દમણમાં પાલિકાની 15માંથી 14 બેઠકો, જિલ્લા પંચાયતની 16માંથી 15 બેઠકો, અને સરપંચની 16માંથી 15 બેઠકો પર જીત મળી છે. આમ સંઘપ્રદેશે ભાજપને 'ક્લીન સ્વીપ' આપ્યો છે. માત્ર પાલિકાના વોર્ડ નં.12, મરવડ જિલ્લા પંચાયત સીટ પર 140 મતથી હાર અને ભીમપોર/વાકડ સરપંચ પદની સીટ પર હાર મળી છે.

## દલવાડામાં અપક્ષ સાંસદ ઉમેશ પટેલના પૂતળાનું દહન કરાયું



દમણ : સંઘપ્રદેશ દમણના દલવાડા ગામમાં આજરોજ ચૂંટણીના પરિણામમાં મરવડ વોર્ડ નં.1ના અપક્ષ ઉમેદવાર ધર્મિષ્ઠા સુરેશ પટેલની જીત થતાં તેમના પતિ અને સમર્થકોએ અપક્ષ સાંસદ ઉમેશ પટેલના પૂતળાનું દલવાડા ગામમાં દહન કર્યું હતું અને જીતનો શ્રેય પ્રદેશના પ્રશાસકને આપી ભાજપને સમર્થન જાહેર કર્યું હતું.

# સેલવાસમાં ભાજપે વિપક્ષ વગરનો ભગવો લહેરાવ્યો

**જિલ્લા** પંચાયતની નવ બેઠકની ચૂંટણીમાં બે ઉપર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા જ્યારે સાત બેઠક ભાજપે જીતી



## દાનહના આ સરપંચ ઉમેદવારો જીત્યા

ભારતીબેન હળપતિ(દાદરા), સુમિત્રા પટેલ(દેમની), સુનિતા પટેલ(નરોલી), પિયૂષ ગોહિલ(અથાલ), શિવા કુરદા (ખરડપાડા), સતિષ ખરપડિયા (ગલોન્ડા), ગણેશ બબલુ ભુજડા (ઉમરકૂઈ), પરમિલા ખરપડિયા (કેલવણી), મંદાબેન પટેલ (મસાટ-૧), વિષ્ણુભાઈ વરઠા (સાયલી), રશમી પ્રધાન (કરાડ), નગીન વળવી(દપાડા), સરીતા તુમડા (વાસોણા), સંજય રાઉત(સુરંગી), નવસુબેન ગોરાટ (અંબોલી), મારીયા વિલાત (ખાનવેલ), વનિતા ઘુટિયા (ખેરડી), સુનિલ ખાંજોડિયા (દુધની), સુરેશ ખારપડિયા (રૂદાના), વિનય ગબરે(સિંદોની)

વાપી : કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલીની જિલ્લા પંચાયતની નવ બેઠક તથા સેલવાસ મ્યુન્સિપલ કાઉન્સિલની એક બેઠક માટે શનિવારે કરાડ પોલિટેક્નિક કોલેજ ગ્રાઉન્ડમાં મત ગણતરી થતા સેલવાસ મ્યુન્સિપલ કાઉન્સિલની વોર્ડ નં. 6 ની બેઠક ઉપર ભાજપના મહિલા ઉમેદવાર રજની શેટ્ટી 2327 મત મેળવીને ભવ્ય જીત મેળવી હતી. તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર આશાબેન પટેલને 783 મત મળતા 1544 મતની લીડથી ભાજપના રજનીબેન શેટ્ટીનો વિજય થયો હતો. સેલવાસ મ્યુન્સિપલ કાઉન્સિલમાં ભાજપના 14 ઉમેદવાર પહેલા જ બિનહરીફ વિજેતા થયા છે. આમ સેલવાલ મ્યુન્સિપલ કાઉન્સિલમાં બધા જ કોર્પોરેટર ભાજપના વિજેતા થતા વિપક્ષ વગર ભાજપે સંપૂર્ણ સત્તા મેળવી છે. બીજી તરફ દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતની 26 બેઠકોમાંથી 17 બેઠકો ભાજપે પહેલાં જ બિનહરીફ વિજેતા થઈને મેળવી હતી. જ્યારે 9 બેઠકો માટે ચૂંટણી થઈ હતી. જેમાં કોંગ્રેસના 2 ઉમેદવાર વિજેતા થયા છે. જ્યારે 7 બેઠકો ભાજપના ઉમેદવારે જીતી લીધી છે. આમ દાદરા નગર હવેલી જિલ્લા પંચાયત તેમજ સેલવાસ મ્યુન્સિપલ કાઉન્સિલમાં બહુમતી સાથે ભાજપે ભગવો લહેરાવ્યો છે. દાનહ જિલ્લા પંચાયતમાં દાદરાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર કમલેશભાઈ નાથુભાઈ દેસાઈ 3793 મત મેળવી જીત હાંસલ કરી છે. દેમનીની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અનિતાબેન વિનોદભાઈ પટેલે 3350 મત મેળવી જીત મેળવી છે. નરોલીની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર કિરણભાઈ છીબુભાઈ પટેલે 4506 મત મેળવી જીત હાંસલ કરી છે. ઉમરકૂઈની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ રમણભાઈ રાદિયાએ 4206 મત મેળવી આ બેઠક જીતી લીધી હતી. સાયલીની બેઠક ભાજપના ઉમેદવાર શિલાબેન પ્રવિણભાઈ ભોયાએ 2444 મત મેળવી જીતી લીધી છે. અહીં કોંગ્રસના ઉમેદવારે સારી ફાઈટ આપી હતી. કેલવણીની બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર અમ્રતભાઈ સામજીભાઈ વરઠાએ 3395 મત મેળવી જીતી લીધી હતી. કરાડની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર સુશિલાબેન અનિલભાઈ જનાથિયાએ 1885 મત મેળવી જીતી લીધી હતી. સુરંગીની બેઠક ભાજપના ઉમેદવાર સંત્યા માહ્યા ધોઢાડેએ 2992 મત મેળવીને જીતી લીધી હતી. અહીં અપક્ષ ઉમેદવારે સારી ફાઈટ આપી હતી. જ્યારે ખેરડીની બેઠક ભાજપના ઉમેદવાર સુમિત્રાબેન વિજયભાઈ ચૌધરીએ 3797 મત મેળવી જીતી લીધી હતી.

# ધરમપુરમાં ગૌરવ યાત્રા પહોંચી



આસીફ શેખ

**આદિવાસી** સમાજ માટે કેન્દ્ર સરકારે કરોડો રૂપિયા ફાળવ્યા : મંત્રી

ધરમપુર : ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતી નિમિતે જનજાતીય ગૌરવ યાત્રા ધરમપુર પહોંચતા નાણામંત્રી કનુભાઈ દેસાઈ તથા મંત્રી નરેશ પટેલ, મંત્રી જયરામ ગામીત તથા નાયબ દંડક વિજય પટેલ, ધારાસભ્ય અરવિંદ પટેલ, ધારાસભ્ય જીતુ ચૌધરી સહિત મહાનુભાવો તથા શહેર ભાજપ પ્રમુખ અમીત ચોરેરા, તાલુકા ભાજપ પ્રમુખ કેતન વાઢુએ સ્વાગત કર્યુ હતું. મંત્રી નરેશ પટેલએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજ પોતાની સંસ્કૃતિ ભુલી ગયો છે, તેને ટકાવી રાખવા માટેની આ યાત્રા છે. આદિવાસી સમાજ માટે સરકારે કરોડો રૂપિયા ફાળવ્યા પણ છે. સાંસદ ધવલ પટેલએ જણાવ્યું હતું કે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને નૂકસાન થતાં રાજ્યના સીએમએ 10 હજાર કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું છે. મંત્રી કનુ દેસાઈ તથા મંત્રી નરેશ પટેલનું ધરમપુર એપીએમસી માર્કેટ યાર્ડના પ્રમુખ જયેશ અટારા તથા ઉપપ્રમુખ જીવા આહીર, વિજય પાનેરિયા, મેનેજર નિશાર શેખએ સ્વાગત કર્યુ હતું. ધરમપુરના બિરસા મુડાની જન્મજયંતી નિમીત્તે હાથીખાના ખાતે કાર્યકમમાં ઉપસ્થિત દિવ્યાંગ કિકેટર ગણેશ મહુડકર અને અનિલ ગાગડેને શિલ્ડ તથા પ્રમાણપત્ર આપી મંત્રી, સાસંદ તથા દંડકના હસ્તે સન્માન કરાયુ હતું.

# વાપી મનપા બનતા શહેર એકતા સમિતિની રચના

**વલસાડ** જિલ્લા મેજિસ્ટ્રેટે સમિતિમાં ૬ અધિકારી અને ૧૩ બિનસરકારી સભ્ય મળી કુલ ૧૯ સભ્યનો સમાવેશ કર્યો

વાપી :દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવા અને કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકતાવાદ જેવા અનિષ્ટોને નાબૂદ કરવાના ઉપાયો સૂચવવા ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય એકતા પરિષદની રચના કરવામાં આવી છે. આ જ પ્રમાણે રાજ્ય કક્ષાએ પણ આ જ હેતુઓ માટે એટલે કે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા સંવર્ધન, સમગ્ર રાજ્યમાં શાંતિ, એકતા અને સદભાવનાને વધુ બળવત્તર બનાવવા માટે આમુખ- ૧ થી વિવિધ એકતા સમિતિ અંગે બંધારણ નક્કી કરવામાં આવ્યુ છે. જે મુજબ વાપી નગરપાલિકાનો મહાનગરપાલિકામાં સમાવેશ થતા જિલ્લા મેજિસ્ટ્રેટ ભવ્ય વર્મા દ્વારા વાપી શહેર એકતા સમિતિની રચના કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકામાં કોમી એકતા અને એખલાસભર્યું વાતાવરણ જાળવી રાખવા, કોમી બનાવોને નિવારવા માટે તેમજ કોમી તંગદિલી નિવારવામાં ઉપયોગી થાય તે માટે વાપી શહેર એકતા સમિતિ (જિલ્લા કક્ષા)ની રચના કરવામાં આવી છે, જેમાં અધિકારીઓમાં અધ્યક્ષ તરીકે વાપી મહાનગરપાલિકાના મેયર, નાયબ અધ્યક્ષ ડેપ્યુટી મેયર, સભ્ય તરીકે વાપી મનપાના મ્યુનિસિપલ કમિશનર, વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિક્ષક, અને સભ્ય સચિવ તરીકે વલસાડ નાયબ પોલીસ અધિક્ષકનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જ્યારે બિનસરકારી સભ્યમાં કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, દિનેશ શિવાજીભાઈ ગુંડ, સની ગોવિંદભાઈ પટેલ, અજીત મહેતા, રાકેશ નારણભાઈ પટેલ, ગીતા પ્રવિણચંદ્ર પટેલ, યોગેશ રામુભાઈ પટેલ, મોહમદઈશા મકસુદઅલી શેખ, મનોજ ભંડારી, શ્રીપાદ પ્રભાકર સોની અને સંદિપ અમ્રતલાલ પટેલનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત બિન સરકારી સભ્યોની મુદ્દત હુકમની તારીખથી બે વર્ષ સુધી રહેશે. મેયર તથા ડેપ્યુટી મેયરની નિમણૂક ન થાય ત્યાં સુધી વહીવટદાર અધ્યક્ષનો હોદ્દા સંભાળશે.

# પુરેટિયા માટે પણ રાહત મળે તો પશુપાલકોને ફાયદો થાય

**પુરેટિયા** કોહવાઈ જવાને કારણે પશુપાલકોને ઘાસચારાની તંગી પડશે

**ઘાસચારાના** ભાવ વધી ગયા છે ત્યારે સરકાર પુરેટિયા માટે રાહત જાહેર કરે : ખેડૂતો

નવસારી : ઓક્ટોબરમાં માવઠાને કારણે ખેતીમાં થયેલા ભારે નુકસાન માટે સરકારે 10000 કરોડનું પેકેજ જાહેર કર્યું હતું. જો કે એ પેકેજને કારણે ખેડૂતોને રાહત થશે, પણ પુરેટિયાના નુકસાન માટે રાહત જાહેર થાય એવી ખેડૂતોને અપેક્ષા છે. ઓક્ટોબરમાં રાજ્યભરમાં માવઠું થવાને કારણે ખેતીને ભારે નુકસાન થયું છે. દક્ષિણ ગુજરાતમાં ડાંગર પકવતા ખેડૂતો માટે બેવડો માર પડ્યો છે. ડાંગર તૈયાર થઈ ગયું હતું અને કાપણીનો સમય આવ્યો ત્યારે જ માવઠું થતાં ડાંગરનો પાક નાશ પામ્યો હતો. તો વળી જેઓએ ડાંગર કાપી નાંખ્યું હતું, તે પણ પલળી જતાં નુકસાન થયું હતું. ડાંગરના પાકની નિષ્ફળતાથી ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક ઉપરાંત મજુરી ખર્ચ મળીને ભારે નુકસાન થયું હતું. એ માટે ખેડૂતો સરકાર રાહત જાહેર કરે એની રાહ જોતા હતા. ગયા શુક્રવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારે 10000 કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું હતું. એ જાહેરાત સાથે જ ખેડૂતને પાક નિષ્ફળ જવા સામે થોડી રાહત થઈ જશે. પરંતુ ડાંગરના પુરેટિયા પણ માવઠાંમાં નાશ પામ્યા છે. કોહવાઈ જવાને કારણે પુરેટિયા ઢોરઢાંખરના આહાર તરીકે કામ આવે એમ હોતા નથી. આ સંજોગોમાં પુરેટિયાના નુકસાનને કારણે પશુપાલન કરતાં ખેડૂતોને મોટું નુકસાન થયું છે.

# ઉમરગામથી ગૌરવ રથયાત્રાનો વાજતે ગાજતે શુભારંભ

**સરકારના** મંત્રી અને ઉપસ્થિત ધારાસભ્યોએ લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવ્યું




ઉમરગામ : ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતિએ ઉમરગામના સરઈથી જનજાતિય ગૌરવ રથ યાત્રાનો વાજતે ગાજતે ગુજરાત રાજ્યના મંત્રી અને ઉપસ્થિત ધારાસભ્યોએ લીલી ઝંડી બતાવી રથનું પ્રસ્થાન કરાવી શુભારંભ કર્યો હતો. આ ગૌરવ યાત્રાને સફળ બનાવવા વહીવટી તંત્ર અને ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા સંગઠનને કરેલી મહેનત રંગ લાવી હતી. મોટી સંખ્યામાં લોકો આ ગૌરવ યાત્રામાં જોડાયા હતા.

સભાને સંબોધતા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી સમાજને ગૌરવ અપાવવાનું કામ કર્યુ છે. ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતિને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય વડાપ્રધાને લેતા દેશ ભગવાન બિરસા મુંડાને વંદન કરી રહ્યો છે.

મંત્રી નરેશ પટેલે જણાવ્યું કે, ભગવાન બિરસા મુંડાની 150 મી જન્મ જયંતિએ દેશની આઝાદી માટેનું તેમનું બલિદાન અને આદિવાસી સમાજની એકતા માટેનું યોગદાન જનજન સુધી પહોંચે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દર વર્ષે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી થશે.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ કનસેરી માતા, માવલી માતા, ભગવાન બિરસા મુંડા અને જય જોહારના નારા લગાવતા સમસ્ત સભા મંડપ આદિવાસી દેવી દેવતાઓના ગુંજારવથી ગુંજી ઉઠ્યો હતો.

સાંસદ ધવલ પટેલ અને ધારાસભ્ય રમણ પાટકરે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. સ્વાગત પ્રવચન પ્રાયોજના વહીવટદાર પ્રણવ વિજયવર્ગીયે કર્યુ હતું. આ પ્રસંગે વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મનહર પટેલ, ધારાસભ્ય ભરત પટેલ, અરવિંદ પટેલ અને જીતુ ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, નવસારી જિલ્લા સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહ, જિલ્લા વિકાસ અધિકારીશ અતિરાગ ચપલોત, પ્રાંત અધિકારી નીરવ પટેલ અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, ઉમરગામ મામલતદાર ડી.સી બ્રાહ્મણકાચ્છ, ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી વિશાલ પટેલ, સભ્યો, સરપંચો, અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આંગણવાડીઓનું સંચાલન કરતી કચેરી તાલુકા મથકે મકાન જ ઉપલબ્ધ નથી

વિકસિત ગુજરાતમાં શરમજનક

# આંગણવાડીઓનું સંચાલન કરતી કચેરી ખખડધજ મકાનમાં ચાલે છે

**તાલુકામાં** ૧૦,૬૬૮ બાળકોને પાપા-પગલી ભરવાની દેખરેખ રાખતી ત્રણેય ઘટકની કચેરી ગોડાઉનમાં ચાલે છે

**જગ્યા** ઉપલબ્ધ છતાં નવા મકાનના બાંધકામ માટે ગ્રાંટ ફળવાઈ નથી

**ઘટક** બે ની કચેરીના મકાન માટે આજદિન સુધી જમીનના ઠેકાણા પડ્યા નથી

ઘેજ : ચીખલી તાલુકામાં ૩૯૫ જેટલી આંગણવાડીઓનું સંચાલન કરતી ઘટક કક્ષાના બાળ વિકાસ યોજનાના અધિકારીની કચેરીનું મકાન જ ઉપલબ્ધ નથી. ૧૦,૬૬૮ જેટલા બાળકોને પાપા-પગલી ભરવાનું અને કેળવણીનું દેખરેખ માટેની ત્રણેય ઘટકની કચેરી છેલ્લા સાત વર્ષથી ખખડધજ ગોડાઉનમાં ચાલી રહી છે.

ચીખલી તાલુકામાં આંગણવાડીઓના સંચાલન માટે ઘટક-૧, ૨ અને ૩ જેટલા ઘટક કક્ષાના બાળ વિકાસ યોજના અધિકારીની કચેરી આવેલી છે. અને આ ત્રણેય ઘટકના તાબામાં ૩૯૫ જેટલી આંગણવાડીઓમાં ૧૦,૬૬૮ જેટલા ભૂલકાઓ કારકિર્દી ઘડતરના પ્રથમ પગથિયા પર પાપા-પગલી ભરી રહ્યા છે. આંગણવાડીઓમાં ભૂલકાઓને કેળવણી સાથે ભૂલકાઓ કુપોષિત ન રહે તે માટે પોષણક્ષમ આહાર પણ આપવામાં આવતો હોય છે.

આ આંગણવાડીઓનું સંચાલન કરતી કચેરી તાલુકા મથકે મકાન જ ઉપલબ્ધ નથી. એક સમયે બાળ વિકાસ યોજના અધિકારીના તમામ ઘટકોની કચેરી તાલુકા પંચાયતના મકાનમાં કાર્યરત હતી. પરંતુ જે તે સમયે તાલુકા પંચાયત કચેરીનું મકાન જર્જરિત હોય એ મકાનમાં કાર્યરત તમામ કચેરીઓ વૈકલ્પિક ધોરણે બીજા મકાનમાં ખસેડાઈ હતી. જોકે તાલુકા પંચાયતની કચેરી તો નવા મકાનમાં ધમધમતી થઈ ગઈ હતી. પરંતુ ૨૦૧૮ ના વર્ષથી બાળ વિકાસ યોજનાના અધિકારીની કચેરી જ્યાં ખસેડાઈ હતી. ત્યાં જ ખૂંધ ગામમાં આવેલા એક જર્જરિત ગોડાઉનમાં આજે પણ કાર્યરત છે.



ધર્મેશ પટેલ

## જિલ્લાના ઉચ્ચ અધિકારીઓનો બેદરકારીભર્યો વહીવટ

ઉપરોક્ત સ્થિતિમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓનો પણ બેદરકારી ભર્યા વહીવટ ઉજાગર થયો છે. સાત સાત વર્ષથી તાલુકા કક્ષાની કચેરીઓના મકાન જ ઉપલબ્ધ ન હોય અને અનેક પ્રકારના જોખમ વચ્ચે ગોડાઉનના ખખડધજ મકાનમાં કચેરીનું કામકાજ કરવા પડતું હોય ત્યારે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આવી બાબતોને પ્રાથમિકતા આપી જમીન ઉપલબ્ધ કરાવી નવા મકાનની જોગવાઈ કરવી જોઈતી હતી. પરંતુ સાત વર્ષમાં તેઓ કરી શક્યા નથી. ત્યારે હવે બાળ વિકાળ યોજનાના અધિકારીઓના તમામ ત્રણેય ઘટકોની કચેરીના નવા મકાન ક્યારે ઉપલબ્ધ થશે તે જોવું રહ્યું.

આમ તમામ આંગણવાડીઓની દેખરેખ રાખનાર વડી કચેરી છેલ્લા સાત વર્ષથી ખખડધજ ગોડાઉનમાં મકાનમાં ચાલી રહી છે. જે ખરેખર વિકસિત ગુજરાતમાં શરમજનક જ કહી શકાય. જોકે બાળ વિકાસ યોજના અધિકારી શારદાબેન સહિતના સ્ટાફે કચેરીના નવા મકાન માટે તાલુકા કક્ષાએ જમીન ઉપલબ્ધ થાય તે માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સંકલન સાધી પ્રયત્નો હાથ ધર્યા હતા. અને તેમાં કંઈક અંશે સફળતા મળતા ઘટક એક અને ત્રણની કચેરીના મકાન માટે ચીખલીમાં જૂની મામલતદાર કચેરીના બાજુમાં જગ્યા ઉપલબ્ધ કરાવાઈ હોવાનું જાણવા મળ્યું હતું. જોકે તેમ છતાં નવા મકાનના બાંધકામ માટે સરકાર દ્વારા ગ્રાંટ ફળવાઈ નથી એ ઉપરાંત ઘટક બે ની કચેરીના મકાન માટે આજદિન સુધી જમીનના ઠેકાણા પડ્યા નથી.

## ગ્રાંટ ઉપલબ્ધ થતા નવા મકાનનું કામ શરૂ થઈ શકશે

સીડીપીઓ શારદાબેનનો સંપર્ક કરતા તેમણે ચીખલીમાં ઘટક-૧ અને ૩ માટે જમીન મેળવી ઉપલી કચેરીએ દરખાસ્ત કરેલી છે. જેમાં સરકાર દ્વારા ગ્રાંટ ઉપલબ્ધ થતા નવા મકાનનું કામ શરૂ થઈ શકશે. જ્યારે ઘટક-૨ માટે જમીન ઉપલબ્ધ કરાવવા દરખાસ્ત કરેલી હોવાનું જણાવ્યું હતું.